॥ श्रीसद्गुरुर्विजयतेतमाम् ॥

श्री

पुराणोक्त लघुनित्यकर्म.

યોજક

પીતાંબર ગોવિંદરામ ભટ્ટ.

સાણંદ. ગુજરાત.

વિનામૂલ્યે આપવા છપાવી પ્રસિદ્ધ કરનાર

હરિલાલ નાનાભાઇ શાહ.

આમોદ—ગુજરાત.

આવૃત્તિ ચોથી. પ્રતિ ૧૦૦૦

અમદાવાદ.

શ્રી " સત્યપ્રકાશ " પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ પ્રેમચંદ
નહાલચંદ તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ
છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

વિષયાનુક્રમણિકા.

॥ ॐ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

श्री

पुराणोक्त लघुनित्यकर्म.

नत्वा श्रीसद्गुरुं शांतं परमात्मस्वरूपिणम् ।
श्रीनथुरामयोगीन्द्रं लिखामि स्तोकमाह्निकम् ॥

તનમનનું આરોગ્ય, વિદ્યા, ધન, પ્રજા અને આયુષ્યની વૃદ્ધિ આદિ આ લોકના સુખની, તથા સ્વર્ગાદિ ઉચ્ચ લોક કિંવા અખંડ મોક્ષ-સુખની ઇચ્છાવાળા અધિકારીએ પ્રતિદિન આ પ્રમાણે શ્રદ્ધા-સહિત નિત્યકર્મ કરવું.

શૌચ અને સ્નાનવિધિ.

પ્રાતઃકાલે સૂર્ય ઊગ્યા પહેલાં શ્રીસદ્‌ગુરુપરમાત્માનું સ્મરણ-ધ્યાન કરતાં ઊઠી, જલથી આંખો અને મોં ધોઇ સાવધ થવું. તે પછી ઝાડે જંગલ જઈ આવી પાંચ વાર માટી લગાડી એકલો ડાબો હાથ, ચાર વાર માટી લગાડી બે હાથ, અને એક વાર માટી લગાડી બે પગ, શુદ્ધ જલથી ધોવા. એ રીતે હાથ-પગ ધોઈ ચાર કોગળા કરી, છાલ-સહિત તુરા, તીખા કે કડવા સ્વાદવાળા વૃક્ષનું દાતણ એકજ સ્થળે બેસી મૌનપણે કરવું. વ્રતોપવાસના દિવસે દાતણ ન કરતાં કાથો, માટી

અથવા અડાયા છાણાની રાખથી દાંત ઘસી મુખ શુદ્ધ કરવું. તે પછી નહાવાના જલમાં "**ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ; નર્મદે સિંધુકાવેરિ, જલેસ્મિન્સન્નિધિં કુરુ.**" એ મંત્ર ભણી જલમાં તીર્થોની ભાવના કરી, ગંગા આદિ નદીઓનું સ્મરણ કરતાં નહાવું. તે પછી આચમન કરી, ધોયેલું વસ્ત્ર અથવા અબોટિયું પહેરી એક શુદ્ધ વસ્ત્ર પાસે રાખી, નીચે પ્રમાણે સંધ્યોપાસન આદિ નિત્યકર્મ કરવાં.

સંધ્યોપાસન.

પ્રથમ પૂજનસામગ્રી પાસે લઇ, નિશ્ચિંતપણે દર્ભ અથવા ઊનના પવિત્ર આસનપર પૂર્વદિશાભણી મુખ રાખી, પદ્માસન કે સ્વસ્તિકાસનથી બેસવું. પછી પલાળેલી વિભૂતિ શ્રીસૂર્યનારાયણસામા બે હાથ રાખી પ્રદર્શિત કરી, "**શ્રીશિવાય નમઃ**" એ મંત્ર બોલી કપાળ, કંઠ, હૃદય, ખભા, કોણીઓના સાંધા, બે પડખાં, નાભી અને મસ્તક એટલાં અંગોએ તે વિભૂતિનાં ત્રિપુંડ્ર (ત્રણ રેખા) કરી હાથ ધોઇ નાખવા.

તે પછી જમણા હાથની હથેળીમાં એક માસાભાર જલ લઇ "**કેશવાય નમઃ।**" એ મંત્ર બોલી પહેલું, "**નારાયણાય નમઃ।**" એ એ મંત્ર બોલી બીજું, અને "**માધવાય નમઃ।**" એ મંત્ર બોલી ત્રીજું, એમ ત્રણ આચમન (હથેળીમાંનું જલ પીવું તે) લઇ "**ગોવિંદાય નમઃ।**" એ મંત્ર બોલી તે હથેળી ધોઇ નાખવી, અને "**વિષ્ણવે નમઃ।**" એ મંત્ર બોલી બે આંખોએ પાણીનો સ્પર્શ કરવો. તે પછી ડાબા હાથમાં જલ લઇ, "**પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્।**" એ મંત્ર બોલી ફૂલથી કિંવા જમણા હાથનાં આંગળાંવડે પોતાના શરીર તથા

આસનપર માર્જન કરી, (પાણી છાંટી,) નીચે બતાવેલી રીતે ત્રણ પ્રાણાયામ કરવા.

પ્રથમ આંખો મીંચી, મૌન રાખી, જમણા હાથની છેલ્લી બે આંગળીઓથી ડાબું નાક દબાવી રાખી, **"શ્રીસૂર્યમંડલસ્થાય પરમાત્મને નમઃ ।"** એ મંત્ર એક વાર મનમાં બોલતાં જમણી નાસિકાથી બહારનો વિશુદ્ધ અમૃતરૂપ પવન અંદર ખેંચવો; પછી જમણા હાથના અંગુઠાથી જમણું નાક દબાવી દઇ, ઉપરનો મંત્ર ચાર વાર કે યથાશક્તિ ભણી રહેતાંસુધી તે પવન અંદર રોકવો; ને એજ મંત્ર બે વાર ઉચ્ચરતાં ડાબે નસકોરેથી ધીરે ધીરે તે રોકેલો અંતરનો અશુદ્ધ વિષરૂપ પવન બહાર કાઢવો. પાછો તુરત ડાબી નાસિકાથી ઉપરનો મંત્ર એક વાર બોલતાં અંતર ખેંચવો, ચાર વાર કે યથાશક્તિ મંત્ર ભણી રહેતાંસુધી રોકવો, ને બે વાર મંત્ર બોલી જમણા નાકથી પવન બહાર કાઢવો. આ એક પ્રાણાયામ થયો કહેવાય. એવા ત્રણ પ્રાણાયામ કરવા.

તે પછી આચમનીમાં કિંવા જમણા હાથની હથેળીમાં જલ લઇ, **"અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમ સર્વપાપક્ષયદ્વારા શ્રીપરમેશ્વરપ્રીત્યર્થં પ્રાતઃ (માધ્યાહ્ને વા સાયં) સંધ્યોપાસનમહં કરિષ્યે ॥"** [અમુકને સ્થલે જે માસ, પક્ષ, તિથિ કે વાર ચાલતાં હોય તે બોલવાં] એમ બોલી તે જલ મૂકી સંકલ્પ કરવો.

પછી અર્ઘીઆમાં અથવા બોબામાં જલ લઇ, તેમાં ચંદન અક્ષત અને ફૂલ નાખી ઊભા થઇ, નીચેનો મંત્ર ત્રણ વાર ભણી શ્રીસૂર્યનારાયણને ત્રણ અર્ઘ્ય આપવાઃ—

નમોસ્તુ સૂર્યાય સહસ્રભાનવે,
નમોસ્તુ વૈશ્વાનરજાતવેદસે;

ત્વમેવ ચાર્ઘ્યં પ્રતિગૃહ્ણ દેવ,
દેવાધિદેવાય નમો નમસ્તે.

એ પ્રમાણે અર્ઘ્ય આપ્યા પછી તે અર્ઘ્ય આપેલા જલનો બે આંખોએ સ્પર્શ કરવો.

તે પછી " **શ્રીસૂર્યમંડલસ્થાય પરમાત્મને નમઃ ।** " એ **મંત્રનો** ઊભા રહી સ્થિર ચિત્તે ૧૦૮ વાર અથવા યથાશક્તિ જપ કરી, શ્રીસૂર્યનારાયણને દંડવત્ નમસ્કાર કરવા.

તે પછી આચમનીમાં કે જમણી હથેળીમાં જલ રાખી "**અનેન સંધ્યોપાસનકર્મણા શ્રીભગવાન્ પરમેશ્વરઃ પ્રીયતાં ન મમ** " એમ બોલી, તે જલ મૂકી, સંધ્યોપાસનની સમાપ્તિ કરવી.

એજ પ્રમાણે ત્રણે કાલની સંધ્યા કરવી.

અભિવાદન.

અભિવાદન એ દેવ, ઋષિ, મનુષ્ય કે કોઇ પૂજ્ય આદિ સમર્થ પુરુષોને પ્રસન્ન કરવાનું મોટામાં મોટું ઉપહારરૂપ (ભેટરૂપ) સાધન છે. એના સમાન સૃષ્ટિમાં બીજું એક પણ વશીકરણ નથી. એથી ગર્વ, અકડાઇ અને દેહાભિમાનરૂપ અંતરને મલિન કરનારા દોષોની નિવૃત્તિ થાય છે, ને સજ્જનોના પરમ આભૂષણરૂપ સરલતા ને નમ્રતા આદિ શુભ ગુણોની વૃદ્ધિ થાય છે, માટે પ્રતિદિન સંધ્યોપાસન કર્યા પછી પોતાના આયુષ્, વિદ્યા, યશ અને બલની વૃદ્ધિને અર્થે નીચે બતાવેલી રીતે અભિવાદન કરવું.

પોતાના ગુરુ સમીપમાં હોય તો તેમની પાસે જઇને, નહિ તો તેઓ જે દિશામાં વિરાજતા હોય તે દિશાભણી મુખ રાખી, તેમના સ્વરૂપનું સ્મરણ કરી, " **ભો ભવંતં અભિવાદયામિ** " એમ બોલી

સાષ્ટાંગપ્રણામ (છાતી, મસ્તક, આંખો, મન, વાણી, બે પગ, બે હાથ અને બે ઢીંચણ એ આઠ અંગોસહિત નમવું તે) કરવા. તે પછી પોતાના ઇષ્ટ દેવને એજ રીતે સાષ્ટાંગપ્રણામ કરી, બે હાથ જોડી પ્રદક્ષિણાની રીતે માથાની આસપાસ ફેરવી, નીચેનો મંત્ર બોલી, ' સત્યલોકથી તે પાતાલપર્યંતના ચૌદે લોક અને લોકાલોકપર્વતના અવધિસુધીમાં જે જે પૂજ્ય બ્રાહ્મણો અને દેવો રહેલા છે તે સર્વેને મારા નમસ્કાર હો ' એવી ભાવના કરવી.

" આસત્યલોકાત્પાતાલાદ્દાલોકાલોકપર્વતાત્ ।
યે સંતિ બ્રાહ્મણા દેવાસ્તેભ્યો નિત્યં નમો નમઃ ॥ "

તે પછી પોતાના ઘરમાં માતા-પિતા આદિ કોઈ વૃદ્ધ હોય તેમને તથા કોઈ બ્રાહ્મણ આદિ પૂજ્ય કિંવા કોઇ પવિત્ર મનુષ્યો આવી મળે તો તેમને પણ ભૂમિપર મસ્તક નમાવી નમન કરવું.

બ્રહ્મયજ્ઞ.

સંધ્યોપાસનમાં બતાવ્યા પ્રમાણે આસનપર બેસી, આચમનપ્રાણાયામ કરી, નીચે પ્રમાણે સંકલ્પ કરવો:—

" અત્રાદ્ય અમુકમાસે, અમુકપક્ષે, અમુકતિથૌ, અમુકવાસરે શ્રીપરમેશ્વરપ્રીત્યર્થં બ્રહ્મયજ્ઞં કરિષ્યે. "

પછી જમણા સાથળપર ડાબો હાથ ચતો રાખી, તેમાં દર્ભ તથા પુષ્પ રાખી, તે પર જમણો હાથ સંપુટની રીતે ઢાંકી, આંખો અર્ધી ઊઘાડી રાખી સ્થિર-એકાગ્ર-ચિત્તે નીચે પ્રમાણે ભણવું:—

"નમો નમો નમઃ । ઋગ્વેદાય નમઃ । યજુર્વેદાય નમઃ । સામવેદાય નમઃ । અથર્વવેદાય નમઃ । શિક્ષાયૈ નમઃ । કલ્પાય

નમઃ । વ્યાકરણાય નમઃ । નિરુક્તાય નમઃ । જ્યોતિષાય નમઃ । છંદોવિચિત્યૈ નમઃ । અધ્યાત્મવિદ્યાયૈ નમઃ । ઈતિહાસપુરાણેભ્યો નમઃ । તર્કવિદ્યાયૈ નમઃ । પૂર્વમીમાંસાયૈ નમઃ ઉત્તરમીમાંસાયૈ નમઃ ॥"

એ પ્રમાણે બોલી પછી હાથમાં રાખેલાં દર્ભપુષ્પ ઉત્તરદિશામાં નાખવાં. અને તે પછી પોતાની અનુકૂલતા પ્રમાણે શ્રીગુરુગીતા, શ્રીમદ્ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ, અને શિવમહિમ્નસ્તોત્ર આદિ જે કોઇ સ્તોત્ર આવડતું હોય તેનો પાઠ કરવો, નહિ તો યથાશક્તિ એકાગ્ર મને ઇષ્ટમંત્રનો જપ કરવો.

તે પછી **"અનેન બ્રહ્મયજ્ઞકર્મણા શ્રીપરમેશ્વરઃ પ્રીયતામ્ ॥"** એમ બોલી, જમણા હાથે જલ મૂકી બ્રહ્મયજ્ઞની સમાપ્તિ કરવી.

નિત્યદાન.

આ લોક–પરલોકનાં સુખ તથા કલ્યાણની ઇચ્છા રાખનાર ગૃહસ્થે નિત્ય પોતાની સંપત્તિ–શક્તિ અનુસાર દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, ફલ કે જલ આદિનું દાન કરવાનો નિયમ રાખવો; કારણ કે તેથી ઉપાર્જન કરેલા દ્રવ્યની શુદ્ધિ થાય છે. દાન ન કરવાથી દારિદ્ર્ય પ્રાપ્ત થાય છે, ને તેથી પાપાચરણ થાય છે; કે જેથી અંતે નરકે જવું પડે છે. માટે કોઇ પણ ગૃહસ્થે એકે દિવસ દાન આપ્યા વિના રહેવું નહિ. દાન લેનાર પાત્ર નિત્ય ન મળે તો તે ભેગું કરી રાખી, જ્યારે પાત્ર મળે ત્યારે આપવું.

નિત્યતર્પણ.

આગળ કહ્યા પ્રમાણે પૂર્વાભિમુખે આસનપર બેસી આચમનપ્રાણા-

યામ કરી, " **અત્રાદ્ય અમુકમાસે, અમુકપક્ષે, અમુકતિથૌ, અમુકવાસરે યથાશકત્યા દેવઋષિમનુષ્યપિતૃતર્પણમહં કરિષ્યે"** એમ બોલી સંકલ્પ કરવો.

પછી નીચે દર્શાવેલો મંત્ર ત્રણ વાર ભણી, ત્રણ અંજલિઓ (પાણીના ખોબા) દેવનિમિત્ત, ત્રણ અંજલિઓ ઋષિનિમિત્ત, અને ત્રણ અંજલિઓ પિતૃનિમિત્ત આપવા. જેઓના પિતા જીવતા હોય તેમણે પિતૃના ઉદ્દેશે ત્રણ અંજલિ આપવા નહિ.

" આબ્રહ્મસ્તંબપર્યંતં, દેવર્ષિપિતૃમાનવાઃ ।
તૃપ્યંતુ પિતરઃ સર્વે, માતૃમાતામહાદયઃ ॥૩॥૩॥૩॥"

આ પ્રમાણે અંજલિઓ આપી, નીચે પ્રમાણે બોલી, જલ મૂકી, તર્પણ સમાપ્ત કરવું.

" અનેન યથાશકિત દેવઋષિમનુષ્યપિતૃતર્પણાખ્યકર્મણા પિતૃસ્વરૂપી જનાર્દનવાસુદેવઃ પ્રીયતાં ન મમ ॥ "

શિવપૂજન.

પૂજનસાહિત્ય પાસે લઈ, આચમનપ્રાણાયામ કરી, " **અત્રાદ્ય અમુકમાસે, અમુકપક્ષે, અમુકતિથૌ, અમુકવાસરે શ્રીશિવપૂજનં કરિષ્યે** " એમ બોલી સંકલ્પ કરવો.

તે પછી " **શ્રીશિવાય નમઃ ॥** " એ મંત્ર ભણી શ્રીશંકરને શુદ્ધ જલથી સ્નાન કરાવી, એનો એ મંત્ર ભણી ભણીને અનુક્રમે ચંદન, અક્ષત, પુષ્પ, બિલીપત્ર, ધૂપ, દીપ અને નૈવેદ્ય અર્પણ કરવાં. પછી પાન-સોપારી અને દક્ષિણા અર્પણ કરી, આરતિ ઊતારી, " **શ્રીશિવાય નમઃ** " એ મંત્રનો ૧૦૮ વાર કિંવા ૧૦ વાર જપ કરવો. તે પછી નીચે પ્રમાણે બોલી જલ મૂકી શિવપૂજન પૂર્ણ કરવું.

"અનેન શિવપૂજનકર્મણા શ્રીસદાશિવઃ પ્રીયતાં ન મમ"

વૈષ્ણવોમાટે

વિષ્ણુપૂજન.

વિષ્ણુભક્તોએ પણ પ્રથમથીજ પૂજનસામગ્રી પાસે લઈ, આગળ સંધ્યોપાસનમાં બતાવ્યા પ્રમાણે આચમનપ્રાણાયામ કરી " **અત્રાદ્ય અમુકમાસે, અમુકપક્ષે, અમુકતિથૌ, અમુકવાસરે શ્રીવિષ્ણુપૂજનં કરિષ્યે** " એ પ્રમાણે બોલી સંકલ્પ કરવો.

તે પછી " **નમો ભગવતે વાસુદેવાય** " એ મંત્ર બોલીને શ્રીવિષ્ણુની પ્રતિમાનું અનુક્રમે ધ્યાન, આસન, સ્નાન, ચંદન, પુષ્પ, તુલસી, ધૂપ, દીપ અને નૈવેદ્ય આદિ ઉપચારોથી પૂજન કરી, આરતિ ઊતારી, "**નમો ભગવતે વાસુદેવાય**" એ મંત્રનો ૧૦૮ વાર કિંવા ૧૦ વાર જપ કરવો; ને તે પછી નીચે પ્રમાણે બોલી જલ મૂકી વિષ્ણુપૂજન સમાપ્ત કરવું.

"અનેન વિષ્ણુપૂજનકર્મણા શ્રીમહાવિષ્ણુઃ પ્રીયતાં ન મમ"

વૈશ્વદેવ.

દર્ભાસનપર પૂર્વાભિમુખે બેસી, આચમનપ્રાણાયામ કરી, " **અત્રાદ્ય અમુકમાસે, અમુકપક્ષે, અમુકતિથૌ, અમુકવાસરે શ્રીપરમેશ્વરપ્રીત્યર્થં વૈશ્વદેવં કરિષ્યે.** " એમ બોલી સંકલ્પ કરી, જે અગ્નિથી પાક (રસોઇ) થયેલો હોય તે અગ્નિને કુંડમાં સ્થાપી, ચંદનપુષ્પથી પૂજા કરી, જમણા હાથમાં જલ લઇ, કુંડપછવાડે ફેરવી, નીચે મૂકી દેવું. પછી સારી રીતે પવિત્રતાથી શુદ્ધ રસોઇ થયેલી હોય તો

ધીવાળા ભાતની, અને નહિ તો કાચા ચોખા ધોઇ ધીવાળા કરી તેની, નીચે બતાવેલા પાંચ મંત્રો ભણી પાંચ આહુતિઓ આપવી.

" બ્રહ્મણે નમઃ । પ્રજાપતયે નમઃ । ગૃહાભ્યો નમઃ । કશ્યપાય નમઃ । અનુમતયે નમઃ ॥

એ રીતે હોમ કરી, દેવને નૈવેદ્ય ધરાવી, કોઇ ક્ષુધાર્ત અતિથિ-અભ્યાગત-આવી મળે તો તેને ખપે તેવું અન્ન આપવું. ત્યારપછી રંધાયેલા અન્નમાંથી ગાયનો, કૂતરાનો અને કાગડાનો વિભાગ કાઢવો. પછી નીચે પ્રમાણે બોલી જળ મૂકી, વૈશ્વદેવની સમાપ્તિ કરવી.

"અનેન વૈશ્વદેવાખ્યકર્મણા શ્રીપરમેશ્વરઃ પ્રીયતાં ન મમ."

ભોજનવિધિ.

પવાલાસહિત જલપાત્ર જમણી પાસ રાખી, પાટલાઉપર પલાંઠી વાળીને બેસવું. પછી ભૂમિઉપર ચાર આંગળનું સમચોરસ મંડલ કરી અથવા પાણી છાંટી તે ઉપર ભોજનપાત્ર મૂકવું, અને તેમાં શાક અથાણું ને કંડાળ આદિ જમણા હાથભણી; રોટલી, લાડુ, કંસાર તથા પકવાન્ન આદિ ડાબા હાથભણી; અને ભાત આદિ અન્નો મધ્યે મૂકવાં. તેમજ દૂધપાક, દાળ ને કઢી આદિનાં પાત્રો જમણા હાથભણી મૂકવાં. એ રીતે પાત્ર પિરસાયા પછી તેને જમણા હાથવડે થોડું જલ છાંટી,

"ભૂપતયે નમઃ । ભુવનપતયે નમઃ । ભૂતાનાં પતયે નમઃ ॥"

એ ત્રણ મંત્રો ભણી ત્રણ વાર તે પાત્રમાંથી થોડો ભાત બહાર મૂકવો. પછી એક વાર આચમન લઇ, બે આંખોએ જલનો સ્પર્શ કરી, સ્થિર-ચિત્તે જમવું. જમી રહ્યા પછી પાન-સોપારી લઇને બીજે સ્પર્શ કરવો.

શ્રેયસ્કર વર્તન.

મનુષ્યશરીરનું પ્રયોજન આજીવિકાના સાધનભૂત વિદ્યા-કલા સંપાદન કરી તે દ્વારા ધન ઉપાર્જન કરી સાંસારિક સુખો ભોગવી કૃતાર્થતા માનવી એ નથી; પણ તેવડે તો ત્રિવિધ દુઃખોના અત્યંતશમનપૂર્વક અખંડાનંદરૂપ મોક્ષસુખ સંપાદન કરવું એજ મહાન્ પ્રયોજન છેઃ કે જે અન્ય શરીરોવડે પ્રાપ્ત કરી શકાતું નથી, માટે જેઓ પોતાના આત્માનું અત્યંત હિત ઇચ્છતા હોય તેમણે કટિબદ્ધ થઇ સ્વધર્મસેવન કરવું; કે જેવડે જ્ઞાન-યોગની પ્રાપ્તિદ્વારા મોક્ષસુખ સુલભ થાય છે. ' જે ક્રિયા, બીજા મનુષ્યો મારા પ્રતિ કરે નહિ. એમ જે પુરુષો ઇચ્છતા હોય તેમણે તે ક્રિયા બીજા મનુષ્યોપ્રતિ કરવી નહિ, તે ધર્મ કહેવાય છે. જે પોતાને પ્રિય લાગે તે ધર્મ, એમ સમજી તે બીજાપ્રતિ કરવું; ને જે પોતાને અપ્રિય લાગતું હોય તે બીજાને પણ અપ્રિયજ લાગશે એમ જાણી બીજાપ્રતિ તે ન કરવું એનું નામ પણ ધર્મ કહેવાય છે.'* જેનું તાત્પર્ય નીચેનાં વાક્યોમાં આવી જાય છે. પોતાના સમાનજ બીજાના જીવ સમજી, મન, કર્મ અને વચનવડે કોઇ જીવને હાનિ કે દુઃખ થાય તેમ કરવું નહિ. એક ક્ષુદ્ર જંતુને અને સ્વર્ગના અધિપતિ ઇંદ્રને જીવવાની ઇચ્છા ને મૃત્યુનો ભય એ સરખાં હોય છે, માટે કોઇ પણ પ્રાણીની હિંસા કરવી કે કરાવવી નહિ. અહિંસાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે; તથા સર્વ પ્રાણીઓ અહિંસકપ્રતિ વિશ્વાસવાળાં થઇ નિર્વૈર-નિર્મલ ભાવથી વર્તે છે; કે જેથી તેને કોઇ પણ પ્રાણીથી ઉપદ્રવ થતો નથી. સત્યપાલનથી હરિશ્ચંદ્રને પરમસુખનો લાભ ને સર્વોત્તમ કીર્તિ પ્રાપ્ત થઇ છે, માટે નિરંતર સત્ય ભાષણ કરવું. વ્યવહાર તથા વ્યાપાર-ઉદ્યોગમાં

* શ્રીમન્મહાભારત શાંતિપર્વ પૂર્વાર્ધ અધ્યાય ૮૬ મો.

પણ નિષ્કપટપણે સત્ય માર્ગેજ ચાલવું. તુલાયંત્ર(જોખવાનાં સાધન)થી કોઇને ઓછું જોખી આપવું કે કોઇનું વધારે જોખી લેવું નહિ. સત્યવડે કરવામાં આવતી સત્ક્રિયા ફલીભૂત થાય છે. દ્યૂત (જુગટું) રમનારમાં સત્ય રહેતું નથી, માટે કોઇ સાથે દ્યૂત રમવું નહિ. નળ અને પાંડવોને રાજ્યલક્ષ્મીનો વિયોગ કરાવનાર તે દ્યૂતજ હતું. શાસ્ત્રમાં નિંદકને ચાંડાલતુલ્ય ગણ્યો છે; માટે કોઇની નિંદા કરવી નહિ. જેથી કોઇને દુઃખ થાય તેવી ચાડી પણ ખાવી નહિ; કારણ કે ચંદ્ર-સૂર્ય જે રાહુવડે ગ્રસ્ત થાય છે તે પૈશૂન્યનું(ચાડીનું)જ પરિણામ છે. કોઇની નજીવી-હલકી વસ્તુ પણ તેના સ્વામીની આજ્ઞાવિના લેવી નહિ; કારણ કે બીજાના સ્વામિત્વની અલ્પ વસ્તુ પણ છાની લેવી, એ ચોરી ગણાય છે. ચોરી એ મોટું પાપ ને પરદ્રવ્યમાં નિરંતર નિઃસ્પૃહતા એ અસ્તેયરૂપ (ચોરી ન કરવી તે રૂપ) મોટું પુણ્ય ગણાય છે; કે જે અસ્તેયનું પાલન કરવાથી તે અસ્તેયીને અનાયાસે સર્વ દિશામાં રહેલા મૂલ્યવાન્ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. શૌચ એ સર્વ દ્વિજોના દ્વિજત્વનું મૂલ છે; કારણ કે શૌચાચારવિહીન દ્વિજની ભજન-પૂજનાદિ સમસ્ત ક્રિયા ધર્મશાસ્ત્રમાં નિષ્ફલ કહી છે. મૃત્તિકા ને જલથી શરીરને શુદ્ધ કરવું તે બાહ્યશૌચ; અને શુદ્ધભાવ, પ્રેમ અને કરુણાથી મન પવિત્ર રાખવું તે આંતરશૌચ, એમ બે પ્રકારનાં શૌચ કહેવાય છે; તે બન્ને શૌચની ધર્મપાલનમાં અગત્ય છે, માટે શરીર, વસ્ત્ર અને ઘર સ્વચ્છ રાખવાં. પાણીઆરૂં ને રસોડું પણ પવિત્ર રાખવાં. સ્ત્રીઓપાસે રજસ્વલાધર્મ બરાબર પળાવવો. મરણસૂતક કે વૃદ્ધિસૂતક શાસ્ત્રપ્રમાણે પાળવાં. બહારની મલિનતા દૂર કરવી, ને મનનું મલિનપણું પણ ત્યજવું, કારણ કે પુરાણોનું પઠન કરે, વેદસિદ્ધાંતોનું તત્ત્વ જાણે, શિખાસૂત્રનો ત્યાગ કરી એક દંડ કે ત્રિદંડ રાખી સંન્યસ્ત સેવે, દિગંબર (નગ્ન) રહે,

જટા વધારી પંચકેશ રાખે, પર્વતની ગુફામાં કે મેરુના શિખરઉપર વાસ કરે, પણ જો મન મલિન હોય તો તેમાંનું કાંઇ પણ ઉપકારક થતું નથી. જેવું કામીનું મન પરસ્ત્રીમાં, લોભીનું મન ધનમાં, ને નટનું મન દોરમાં લાગ્યું રહે, તેવુંજ સાધકનું મન જો પરમાત્મામાં લાગ્યું રહે તો મોક્ષ કાંઇ દૂર નથી. મન, વાણી અને ક્રિયા એ એકસરખાં રાખવાં, કારણ કે નીચ જનો મનમાં ધારે કાંઇક, બોલે કાંઇક, ને કરે કાંઇક, એમ સજ્જને કરવું નહિ. બાહુબલથી કે યુક્તિ-પ્રયુક્તિથી બહારના શત્રુઓને વશ કરી પર રાજ્યો ગ્રહણ કરે તેને શૂરો કહેવાતો નથી; પણ જે પોતાના આંતરશત્રુરૂપ ઇંદ્રિયસમૂહને વશ કરી આત્મહિત સાધે તેનેજ તત્ત્વવેત્તાઓ સાચો શૌર્યવાન્ કહે છે. વાયુ, જલ અને સૂકાં પાનડાંનું ભક્ષણ કરી તીવ્ર તપમાં લીન થયેલા **વિશ્વામિત્ર** અને **પરાશર**જેવા પણ **મેનકા** તથા **મત્સ્યગંધા**ને જોઇ મોહ પામી તપોભ્રષ્ટ થયા હતા; માટે ક્યારે પણ ઇંદ્રિયોનો વિશ્વાસ કરવો નહિ. પોતાનાથી મોટા વયની પરસ્ત્રીઓને માતાસમાન, સમાન વયનીને બહેનસમાન, અને નાના વયનીને પુત્રીસમાન ગણી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું. પરસ્ત્રીસંગની ઇચ્છાએ **રાવણ**, **વાલી** ને **કીચક**જેવા બળવાન્ પુરુષોને પણ આયુષ્યહીન કરી કાળના મુખમાં હોમ્યા છે, માટે તેનું મનથી પણ ચિંતન કરવું નહિ. ઇંદ્રિયોઉપર વિજય મેળવી આત્મહિત સાધવાની ઇચ્છાવાળાએ પ્રથમ જિહ્વાલૌલ્ય ત્યજવું.—ક્ષુધાઉપરાંત અતિઆહાર કરવો નહિ. ધર્મશાસ્ત્રમાં વર્જ્ય ગણાયેલા પદાર્થો ખાવાપીવા નહિ. લસણ, ડુંગળી અને ગાજર ન વાપરવાં. મદિરા-માંસનો તો સ્પર્શ પણ કરવો નહિ. તમાકુ, ગાંજો, ભાંગ, ચડસ, માઝમ અને અફીણ આદિ ઉન્માદ કરનારાં દ્રવ્યોનાં વ્યસનોથી બહુજ દૂર રહેવું. જે ગૃહસ્થને ત્યાંથી આવેલા અતિથિ-અભ્યાગતો આશાભંગ થઇને જતા નથી, તેમનોજ ગૃહસ્થાશ્રમ અત્યંત શ્રેયસ્કર

હોવાથી ધન્યવાદને યોગ્ય ગણાય છે, માટે દ્વારે આવેલા યાચકને પોતાની શક્તિઅનુસાર દાન આપવું જોઇએ, કારણ કે આવેલો ભિક્ષુ નિરાશ થઇને પાછો જવાથી પોતાનાં પાપકર્મો આપી તે ગૃહસ્થનાં પૂર્વ-સંચિત પુણ્યકર્મોને લેતો જાય છે. દાન કરવાથી ઉપાર્જિત દ્રવ્યની શુદ્ધિ થાય છે, શુભભોગની વૃદ્ધિ થાય છે, આ લોક પરલોકમાં દાન કરનાર પૂજ્ય છે, સર્વ પ્રાણીઓ તેને વશ થાય છે, અને તેમનું દાતાપ્રતિનું વૈર નિવૃત્ત થાય છે. પર મનુષ્ય પણ દાન કરવાથી સ્વજનવત્ વર્તે છે, માટે દાન કરવું અને કરાવવું. દાન પોતાને જે પ્રિય વસ્તુ હોય તેનુંજ આપવું, પણ અપ્રિય પદાર્થનું દાન કદાપિ આપવું નહિ. ભૂખ્યાને ભોજન, તૃષિતને જલ, શ્રમિતને આસન, અને દુઃખી શરણાગતને શરણ એ અવશ્ય આપવાં. જે ગૃહસ્થના ઘરમાં માર્ગના શ્રમથી પીડાયેલા પ્રવાસીઓ પોતાના ઘરની પેઠે વિશ્રાંતિ લે છે, તેમનોજ ગૃહસ્થાશ્રમ કલ્યાણકારક હોવાથી સફલ ગણાય છે. જેમના દિવસો અતિથિપૂજનવિના નિરર્થક જતા નથી, તે ગૃહસ્થાશ્રમીઓજ સુભાગ્યવાળા જાણવા. પોતાને ઘેર કોઇ અતિથિ, પૂજ્ય, પ્રાઘુણ (પરોણા) કે યોગ્ય મનુષ્ય આવે તો તેનો ચક્ષુ, (આવનારના ભણી પ્રીતિભાવે જોવું,) મન, (બીજા કામમાં રોકાયેલા મનને તેમાંથી નિવૃત્ત કરી આવનારઉપર તથા તેમના પ્રયોજનઉપર ધ્યાન આપવું,) કોમળ વાણી, (આવનારને પ્રેમપૂર્વક વિનય વચનોથી બોલાવવા,–પધારો, ભલે આવ્યા, અથવા સ્વાગત વચન ઉચ્ચરવું,)અભ્યુત્થાન, (આવનારને જોતાંજ પોતે સામા ઊભા થવું,) અને અનુવ્રજન (આવનારજ્યારે જાય ત્યારે પાંચ ડગલાં વળોટાવવા જવું) એ પાંચ પ્રકારેથી સત્કાર કરવો એ પ્રત્યેક ગૃહસ્થનું આવશ્યક કર્તવ્ય છે. આવનારને બેસવા આસ્તરણ, (પાથરણું,) બેસવાની સારી ભૂમિ, (સ્થલ,)પીવાને શુદ્ધ જળ, અને સરલ વાણી એટલાં વાનાંનો અભાવ સત્પુરુષોને ઘેર ક્યારે પણ

હોતો નથી. સુખ-દુ:ખ, હર્ષ-શોક અને હાનિ-લાભના સમયમાં મનને સમાન સ્થિતિમાં નિર્વિકાર રાખવું, તથા દુષ્ટ મનુષ્યો પોતાને શારીરિક કે માનસિક દુ:ખો ઉપજાવે તોપણ તેમના ઉપર કોપ ન કરવો, તથા તેમનો બદલો વાળવા તત્પર ન થવું, એ દમરૂપ ધર્મનું અંગ તથા મોટું તપ ગણાય છે; કે જેનું સંત પુરુષો સતત સેવન કરે છે. પ્રાણિમાત્રને પોતાના આત્માતુલ્ય જાણી, તે દુ:ખી થતાં હોય તો તેમનું દુ:ખ નિવૃત્ત કરવામાટે પોતાની શક્તિપ્રમાણે તન, મન અને ધનથી ઉપાય કરી તેમને સુખી કરવાં, એ દયા કહેવાય છે. પીડાતા પ્રાણીનું દુ:ખ જોઇ માત્ર અરે! અરેરે! એવો ઉચ્ચારજ કરવો એ દયા કહેવાતી નથી. અમાંસ, પૂનમ, સંક્રાંતિ અને એકાદશી આદિ પર્વના દિવસોએ બળદને ધુંસરી મૂકવી કે મૂકાવવી નહિ. પોતાના અધીનમાં રહેલાં પશુપ્રાણીઓની ચાર-પાણીથી સમયસર વારંવાર સંભાળ લેવી, તથા તેઓપર પોતાની પ્રજાની પેઠે દયા રાખી પીડાવા દેવાં નહિ. મનુષ્યમાત્રથી કોઇનો કાંઇ અપરાધ કે ભૂલ થવાં સંભવેજ છે, જેથી ક્ષમાની અપેક્ષા પણ સર્વને હોય છે, માટે અપરાધ કે ભૂલ કરનારના ઉપર ક્ષમાદૃષ્ટિથી જોવું એ સજ્જનનો ધર્મ છે.

એ પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય, (ચોરી ન કરવી,) શૌચ, ઇંદ્રિયનિગ્રહ, દાન, દમ, દયા અને ક્ષમા જે બ્રાહ્મણ આદિ ચારે વર્ણ અને બ્રહ્મચર્યાદિ ચારે આશ્રમીઓના શ્રેયસ્કર ધર્મો ધર્મશાસ્ત્રમાં દર્શાવેલા છે, તેનો સર્વ સારાંશ ઉપરનાં વાક્યોમાં આવી જાય છે, માટે તેને વર્તનમાં લાવવા યત્ન કરવો એ આત્મહિતેચ્છુનું કામ છે. એટલું તો આપણને અનુભવસિદ્ધજ છે કે હિંસા, જૂઠું, જુગટું, નિંદા, ચાડી, ચોરી, ભ્રષ્ટતા, વ્યભિચાર, અદાન, કોપ, નિર્દયતા અને અક્ષમાવડે અન્ય પુરુષોથી થતી હાનિ આપણને અસહ્ય દુ:ખો ઉપજાવે છે; તો તે અનાચરણો અન્યને

પણ દુઃખો ઉપજાવશે, એમ જાણી તે બીજા પ્રત્યે ન કરવાં, એ મનુષ્યનું મોટું શુભ લક્ષણ છે.

ઉપરનાં સદાચરણોના પાલનપૂર્વક જન્મ-મરણની નિવૃત્તિને અર્થે યોગાનુષ્ઠાનદ્વારા આત્મસાક્ષાત્કાર કરવારૂપ પરમધર્મનું અનુષ્ઠાન કરવાનું છે, માટે તે યોગાનુષ્ઠાનનો માર્ગ જાણવાસારુ પરમદયાળુ મહાનુભાવ શ્રીસદ્ગુરુપરમાત્માનું શરણ ગ્રહણ કરી, તેમને શ્રીજગદીશ્વરરૂપજ જાણી તેમની તન, મન અને ધનથી અનન્યભાવે અખંડ ભક્તિ કરવી એ મનુષ્યજન્મની કૃતાર્થતા છે. ઇતિ ॥

ૐ

અથ શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્રમ્.

(૦)

વિશ્વં દર્પણદૃશ્યમાનનગરીતુલ્યં નિજાંતર્ગતં,
પશ્યન્નાત્મનિ માયયા બહિરિવોદ્ભૂતં યથા નિદ્રયા;
યઃ સાક્ષાત્કુરુતે પ્રબોધસમયે સ્વાત્માનમેવાદ્વયં,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૧.
બીજસ્યાંતરિવાંકુરો જગદિદં પ્રાઙ્નિર્વિકલ્પં પુનર્,
માયાકલ્પિતદેશકાલકલનાવૈચિત્ર્યચિત્રીકૃતમ્;
માયાવીવ વિજૃંભયત્યપિ મહાયોગીવ યઃ સ્વેચ્છયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૨.
યસ્યૈવ સ્ફુરણં સદાત્મકમસત્કલ્પાર્થગં ભાસતે,
સાક્ષાત્તત્ત્વમસીતિ વેદવચસા યો બોધયત્યાશ્રિતાન્;

યત્સાક્ષાત્કરણાદ્ભવેન્ન પુનરાવૃત્તિર્ભવાંભોનિધૌ,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૩.

નાનાચ્છિદ્રઘટોદરસ્થિતમહાદીપપ્રભાભાસ્વરં,
જ્ઞાનં યસ્ય તુ ચક્ષુરાદિકરણદ્વારા બહિઃ સ્પંદતે;
જાનામીતિ તમેવ ભાંતમનુભાત્યેતત્સમસ્તં જગત્,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૪.

દેહં પ્રાણમપીંદ્રિયાણ્યપિ ચલાં બુદ્ધિં ચ શૂન્યં વિદુઃ,
સ્ત્રીબાલાંધજડોપમાસ્ત્વહમિતિ ભ્રાંતા ભૃશં વાદિનઃ;
માયાશક્તિવિલાસકલ્પિતમહાવ્યામોહસંહારિણે;
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૫.

રાહુગ્રસ્તદિવાકરેંદુસદૃશો માયાસમાચ્છાદનાત્,
સન્માત્રઃ કરણોપસંહરણતો યોભૂત્સુષુપ્તઃ પુમાન્;
પ્રાગસ્વાપ્સમિતિ પ્રબોધસમયે યઃ પ્રત્યભિજ્ઞાયતે.
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૬.

બાલ્યાદિષ્વપિ જાગ્રદાદિષુ તથા સર્વાસ્વવસ્થાસ્વપિ,
વ્યાવૃત્તાસ્વનુવર્તમાનમહમિત્યંતઃ સ્ફુરંતં સદા,
સ્વાત્માનં પ્રકટીકરોતિ ભજતાં યો ભદ્રયા મુદ્રયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૭.

વિશ્વં પશ્યતિ કાર્યકારણતયા સ્વસ્વામિસંબંધતઃ,
શિષ્યાચાર્યતયા તથૈવ પિતૃપુત્રાદ્યાત્મના ભેદતઃ;
સ્વપ્ને જાગ્રતિ વા ય એષ પુરુષો માયાપરિભ્રામિતસ્—
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૮.

ભૂરંભાંસ્યનલોનિલોંબરમહર્નાથો હિમાંશુઃ પુમા-
ન્નિત્યાભાતિ ચરાચરાત્મકમિદં યસ્યૈવ મૂર્ત્યષ્ટકમ્;
નાન્યત્ કિંચન વિદ્યતે વિમૃશતાં યસ્માત્પરસ્માદ્વિભો-
સ્તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૯.
સર્વાત્મત્વમિતિ સ્ફુટીકૃતમિદં યસ્માદમુષ્મિંસ્તવે,
તેનાસ્ય શ્રવણાત્તથાર્થમનનાદ્ધ્યાનાચ્ચ સંકીર્તનાત્;
સર્વાત્મત્વમહાવિભૂતિસહિતં સ્યાદીશ્વરત્વં સ્વતઃ,
સિદ્ધ્યેત્તત્પુનરષ્ટધા પરિણતં ચૈશ્વર્યમવ્યાહતમ્. ૧૦.

ક્ષેપક શ્લોકો.

વટવિટપિસમીપે ભૂમિભાગે નિષણ્ણં,
સકલમુનિજનાનાં જ્ઞાનદાતારમારાત્;
ત્રિભુવનગુરુમીશં દક્ષિણામૂર્તિદેવં,
જનનમરણદુઃખચ્છેદદક્ષં નમામિ. ૧૧.
ચિત્રં વટતરોર્મૂલે, વૃદ્ધાઃ શિષ્યા ગુરુર્યુવા;
ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં, શિષ્યાસ્તુ ચ્છિન્નસંશયાઃ ૧૨.
ૐ નમઃ પ્રણવાર્થાય, શુદ્ધજ્ઞાનૈકમૂર્તયે;
નિર્મલાય પ્રશાંતાય, દક્ષિણામૂર્તયે નમઃ ૧૩.
નિધયે સર્વવિદ્યાનાં, ભિષજે ભવરોગિણામ્;
ગુરવે સર્વલોકાનાં, દક્ષિણામૂર્તયે નમઃ ૧૪.
મૌનવ્યાખ્યાપ્રકટિતપરબ્રહ્મતત્ત્વં યુવાનં,
વર્ષિષ્ઠાંતેવસદૃષિગણૈરાવૃત્તં બ્રહ્મનિષ્ઠૈઃ;
આચાર્યેંદ્રં કરકલિતચિન્મુદ્રમાનંદરૂપં,
સ્વાત્મારામં મુદિતવદનં દક્ષિણામૂર્તિમીડે. ૧૫.

ઇતિ શ્રીમત્પરમહંસપારવ્રાજકાચાર્યશ્રીમચ્છંકરાચાર્યવિરચિતં
શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્રમ્ ॥ ૐ ॥

પુસ્તકોનું વિજ્ઞાપન.

શ્રીઉપનિષદો. (ઈશોપનિષદ્‌થી કૈવલ્યોપનિષદ્‌સુધીની બાર નિષદો તથા **માંડૂક્યોપનિષદ્‌**પરની ભગવાન્ ગૌડપાદની કારિકા મૂલ ગુજરાતી ટીકા, અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આ રૂ ૫–૦–૦ **વેદાંતદર્શન** પાકા પુંઠાનું. રૂ ૩–૮–૦ **વેદાંતદર્શન** કાચા પું રૂ. ૩–૦–૦ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા રહસ્યદીપિકાટીકાસહિત. ત્રીજી આવૃત્તિ ૨–૪–૦ **પાતંજલયોગદર્શન.** પદબોધિની તથા રહસ્યદીપિકાટીકાસહિત. આવૃત્તિ. રૂ. ૨–૪–૦ **સાંખ્યદર્શન.** રૂ. ૦–૧૨–૦.

યોગકૌસ્તુભ. ત્રીજી આવૃત્તિ. રૂ ૧–૪–૦ **પરમપદબોધિની.** ત્રીજી આ રૂ. ૦–૧૨–૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ.૦–૭–૬ નાથસ્વરોદય આવૃત્તિ. રૂ ૦–૨–૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ બીજી આવૃત્તિ. રૂ ૦–૧

મનુષ્યમિત્ર. બીજી આવૃત્તિ. રૂ. ૦–૪–૦ સ્વાભાવિકધર્મ. ત્રીજી વૃત્તિ. રૂ. ૦–૨–૬ સુબોધકલ્પલતા. બીજી આવૃત્તિ. રૂ ૦–૯–૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ. બીજી આવૃત્તિ. રૂ. ૦–૧૨–૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. રૂ. ૦–૧૨–૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦–૪–૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫. બીજી આવૃત્તિ રૂ. ૦–૮–૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ. ૦–૮–૦ અંતર્યામીના આદેશો. સોનેરી નામવાળા પુંઠાના. રૂ.૦–૧૦–૦ અંતર્યામીના આદેશો. રેશમી પુંઠાના રૂ ૦–૮–૦ યોગપ્રભાકર. બીજી આવૃત્તિ. રૂ. ૦–૨–૬ શ્રીભગવદ્‌ગીતા સરલટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૦–૭–૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ. બીજી આવૃત્તિ. રૂ. ૦–૩–૬ ગીતાદિ પંચરત્ન સટીક રૂ ૦–૯–૦, ૦–૭–૦, ૦–૬–૦

અણુવપટ્ટ. ત્રીજી આવૃત્તિ. રૂ ૦–૨–૦ અણુવિસ્તારપટ્ટ. બીજી આવૃત્તિ, રૂ. ૦–૨–૦ નાથકાવ્ય. રૂ. ૦–૧–૦ સદુપદેશમાળા. રૂ. ૦–૩–૬

રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકા સહિત રૂ. ૦–૭–૦ શ્રીશંકરાચાર્ય અષ્ટાદશ રત્ન છપાય છે.

સદુપદેશકપદો. રૂ ૦–૧–૦ **શ્રીનાથકીર્તનાવલિ** રૂ ૦–૨–૬ **કર્તવ્યબોધ.** રૂ. ૦–૮–૦ **નાથગુરુસ્તવન.** રૂ. ૦–૨–૦ **વર્ણાશ્રમધર્મ.** રૂ. ૧–૪–૦ **શિવભજનાવળિ.** રૂ. ૦–૧૨–૦.

મુમુક્ષુઓને બહુ ઉપયોગી ઉપર લખેલાં સર્વ પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા દામથી વા વેલ્યુપેએબલથી મળી શકશે:—

વ્યવસ્થાપક, આનંદાશ્રમ.
બીલખા. કાઠિયાવાડ.